જાહેરસાહસો/ખાનગી ઔદ્યોગિક એકમોસંચાલિત
બિનસરકારી માધ્ય/ઉચ્ચ માધ્યમિક શાળાઓને
અપાતી ગ્રાન્ટ બાબત..

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક/બમશ/૧૯૯૬/ગ,
સચિવાલય,ગાંધીનગર.
તારીખ. ૧-૬-૧૯૯૬.

'' ઠરાવ:!!

રાજય સરકારની સહાયક અનુદાનની નીચી અનુસાર બિન સરકારી માધ્યમિક શાળાઓને સહાયક અનુદાન ચુકવવામાં આવે છે. બિન સરકારી માધ્યમિક શાળાઓને અપાતી આવી સહાયક અનુદાન પેટેની રકમનો ઘણો મોટો બોજો રાજય સરકારી તિજોરી ઉપર પડે છે.આથી આવી સહાયક અનુદાન પેટે અપાતી રકમનો બોજો ઘટાડવા રાજય સરકારે વિચારણા કરેલ છે આ સંદર્ભમાં એવું જણાઇ આવેલ છે કે રાજયમાં આવેલ કેન્દ્ર સરકારના અને રાજય સરકારના જાહેર સાહસો તેમજ ખાનગી ઔદ્યોગિક એકમો દ્વારા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓનું પ્રત્યક્ષ કે પરોક્ષ સંચાલન કરવામાં આવે છે. આવી શાળાઓને પણ રાજય સરકારની સહાયક અનુદાનની નીતિ મનુસાર ગ્રાન્ટ ચુકવવામાં આવે છે.આવી શાળાઓના મોટા ભાગના લાભાર્થીઓ આવા એકમોના કર્મચારીઓના બાળકો જ હોય છે. સરકારનું એવું વલણ છે કે આવા સાહસો /ઔદ્યોગિક એકમો આવી શાળાઓ તેમની કર્મચારી કલ્યાણની પ્રવૃતિના ભાગરૂપે તેમજ સામાજીક જવાબદારીના ભાગરૂપે જાહેર સાહસો/ઔદ્યોગિક એકમોએ બજાવવાની ફરજનો બોજો સરકાર પર પડે તે ઉચિત નથી.આવા સાહસો/ઔદ્યોગિક એકમો આવી શાળાઓનો ખર્ચ તેમના સ્વભંડોળમાંથી ઠરાવે તો તેટલે અંશે રાજય સરકાર પરનો નાંણાકીય બોજ ઘટે અને પ્રાથમિક શિક્ષણ જેવા વધુ અગ્રતાનો પત્ર ક્ષેત્ર માટે વધુ નાંણા ફાળવી શકાય.

૨/- આથી કાળજીપુર્વક વિચારણાના અંતે રાજ્ય સરકારે રાજયમાં આવેલ જાહેર સાહસો/ઔદ્યોગિક એકમો દ્વારા પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંચાલિત માધ્યમિક અને ઉચ્ચતરમાધ્યમિક શાળાઓને અપાતી સહાયક અનુદાન પેટેની રકમ ૧૯૯૬-૯૭ ના શૈક્ષણિક વર્ષમાં ૧-૭-૯૬ થી બંધ કરવાનું ઠરાવેલ છે.

જાહેર સાહસો/ઔદ્યોગિક એકમો દ્વારા પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંચાલિત આવી શાળાનું વર્ગીકરણ સ્પષ્ટતા માટે નીચે મુજબ કરવામાં આવે છે.

૧) એવી શાળાઓ કે જેનું સમગ્ર સંચાલન જે તે એકમ દ્વારા કરાતું હોય

૨) એવી શાળાઓ જે ટ્રસ્ટ કે સોસાયટી તરીકે નોંધાયેલ હોય અને તેનાં સંચાલકોમાં એકમના પ્રતિનિધિ હોય.

૫૨
૧૮/૯/૯૬

-// ૨ //-

અનુદાન



(૩) એવી શાળાઓ જેના લાભાર્થી મહદઅંશે જે તે સાહસ/એકમના કર્મચારીઓના બાળકો હોય.

(૪) એવી શાળાઓ જે એકમના સંકુલમાં હોય.

ઉપરના કોઈપણ એક પ્રકારના વર્ગીકરણમાં આવતી શાળાનું સંચાલન પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જે તે એકમ દ્વારા કરાતું હોવાનું ગણવામાં આવશે.અને આવી શાળાઓને અપાતું સહાયક અનુદાન બંધ થશે. જો કે આ વર્ગીકરણ ઉદાહરણ પેટે જ કરવામાં આવેલ છે.અને આ વર્ગીકરણના વ્યાપક પરીપેક્ષ્ય માં આવતી આવી બધી શાળાઓ અંગે ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી સહાય બંધ કરવા નિર્ણય કરી શકશે.

૩/- સરકારના નિર્ણયના સંદર્ભમાં ગ્રાન્ટ ઇન એઈડ કોડમાં જરૂરી સુધારો કરવા માટેની કાર્યવાહી ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી ગુજરાત રાજ્ય,ગાંધીનગરને તાત્કાલિક હાથ ધરવા અને જરુરી દરખાસ્ત સરકારમાં મોકલવા સુચના આપવામાં આવે છે.

૪/- આ હુકમો આ વિભાગની સરખા ફાઈલ ક્રમાંક/બમશ/૧૧૯૫/૪૪૨/ગ પર નાંણાં વિભાગની તા.૧-૧-૯૬ ના રોજ મળેલ સંમતિ અનુસાર બહાર પાડવામાં આવે છે.

સહી/એચ.બી.પટેલ
નાયબ સચિવ,
શિક્ષણ વિભાગ,

ક્રમાંક/માધ્ય.ખ-૪/૯૬-૯૭/ ૬૨૯૦-૬૯૯૦
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
વઢવાણનો ઉતારો,રાજકોટ
તા. ૬૨/૮/'૯૬

પ્રતિ,
આચાર્યશ્રી,આચાર્યશ્રી,
બિન સરકારી માધ્ય.શાળાઓ તરફ.
રાજકોટ જિલ્લો,રાજકોટ.

ઉકત બાબતે જાણ તેમજ અમલાર્થે..

જિલ્લા શિક્ષણાધિકારી
રાજકોટ,

'દવે' R.N. / ૪૦૦૭૨૫